

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*નચાવે દલિત-મુસ્લિમો 'ના' કહી નથી શકતા,*
*અક્ષય અપેક્ષાઓ એમની, સહી નથી શકતા.*
*રહી નથી શકતા મતદારોની ગુલામી વિના -*
*નેતાઓ સમજે છે બધું સાચું ગ્રહી નથી શકતા*

હાઈકુ

*પંપાળ્યા પ્રેમે,*
*ચઢાવ્યા શિર પર -*
*સહો ગુલામી...*

*ભરાવે શીંગ,*
*લ્યો ! 'સુપ્રીમ' ને પણ -*
*ગરીબ ગાય...*

### ચિંતન

**માયા બસ્ય જીવ સચરાચર ।**

**ઉપરોક્ત શ્લોક રામચરિત માનસમાંથી લેવામાં આવેલ ચે.**

**જે માયાને વશ છે તે 'જીવ' છે, તથા જે ભ્રમમાં નાખીને સૌને વશ કરી રહી છે, તે 'માયા' છે. જે ઈશ ને જે જીવને માયાને ભવસાગરથી ઉગારે છે, તે 'બ્રહ્મ' છે.**

**બ્રહ્માના પુત્ર નારદે તપ કર્યું, અને કામદેવને જીતી લીધા એટલે કે એમના પર 'કામ' ની કોઈ વિકૃત અસર નથઈ સંયમથી વિજય મેળવ્યો એ જ નારદ ને 'લક્ષ્મી' ના સ્વયંવરમાં મોહ-માયાનો સામનો કરી પરાજય પ્રાપ્ત કરવો પડ્યો.**

**ભગવાનનું જ વાહન ગરુડ ને પણ 'માયા' નો અનુભવ થયો અને કાકભૂસંડીજી પાસે સત્સંગ કરી મોહનો નાશ કર્યો.**

**ઈશ્વરેચ્છા પ્રમાણે - મોહ જન્મે અને ઈશ્વેચ્છાથી જ નાશ પામે છે.**

### સુવિચાર

- કેળવણી એટલે સુખમાં ઘરેણું અને દુ:ખમાં દિલાસો - **એરિસ્ટોલ**
- ખેડૂતના નસીબમાં કાયમ આવતી સાલ પૈસાદાર થવાનું લખેલું છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- જેને ઘરમાં શાંતિ મળે તે રાજા હોય કે રૈયત, સુખી થાય છે - **ગેટે**
- જલાકર ખુદનુમાઈ (ઘમંડ) કો ભસમ તન પર લગાતા જા - **મન્સુર**
- મારી પાકી ખાતરી છે કે જરૂરિયાતો ન હોવી એ દૈવી વરદાન છે, જરૂરિયાતો જેમ ઓછી તેમ આપણે દેવોને વધારે મળતા આવીએ છીએ - **સોક્રેટિસ**
- બીજા જે અઘરું સમજે તે સહેલાઈથી કરવું તેનું નામ અક્કલ, અને અક્કલ જે અશક્ય સમજે તે કરવું તેનું નામ જિનિયસ - **હેન્રી એમિલ**
- આજનું ઔષધ : હરસમાં લીંડી પીપરનું ચૂર્ણ રોજ છાશમાં નાખી સવાર-સાંજ પીવાથી લાંબે ગાળે ફાયદો થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જવલ્લે જ જોવા મળતી ઘટના છે. પહેલે દિવસે પહેલા શોમાં મુંબઈના પ્રાઈમ થિયેટર 'અલંકાર'માં માત્ર દસ પ્રેક્ષકો બેઠા હોય એ ફિલ્મ પછી સુપરહીટ થાય એવું બની શકે ખરું ?

કિશોરકુમારની 'દૂર ગગન કી છાંવ મેં' માં ખુદ કિશોર કુમાર નિર્માતા, નિર્દેશક, અભિનેતા, સંગીતકાર હતા. બન્યું એવું કે વિખ્યાત દિગ્દર્શક સુબોધ મુખર્જીએ પોતાની ફિલ્મ 'એપ્રિલ ફૂલ' માટે અલંકાર થિયેટર દસ અઠવાડિયા માટે બુક કરાવ્યું હતું. કિશોર કુમારે સુબોધ મુખર્જીને વિનંતી કરી કે પહેલું અઠવાડિયું 'દૂર ગગન કી છાંવ મેં' માટે આપે. સુબોધ મુખર્જીને ખાતરી હતી કે કિશોરકુમારની ફિલ્મ એક અઠવાડિયાથી વધુ નહીં ચાલે. પહેલા દિવસના પહેલાં શોમાં દસ પ્રેક્ષકો જોઈ ને તો કિશોરકુમારને પણ ખાતરી થઈ ગઈ હતી.

પણ કોઈ પણ જાતના પ્રચાર વિના માત્ર 'માઉથ પબ્લીલીટી' થી 'દૂર ગગન કી છાંવ મેં' સિલ્વર જ્યુબિલી હીટ પુરવાર થઈ !! એની સામે ધુરંધર સુબોધ મુખર્જીની 'એપ્રિલ ફૂલ' પીટાઈ ગઈ.

# સમરથ કો 'સહી' દોષ ગુસાંઈ

તંત્રીસ્થાનેથી...

સંત કવિ તુલસીદાસે કહ્યું છે : સમરથ કો નહીં દોષ ગુસાંઈ, આ ઉક્તિ મહદંશે નીરવ મોદી અને વિજય માલ્યાથી લઈ નિર્દોષ મજૂરોને ફૂટપાથ પર ગાડી ચડાવી દઈ નશામાં ધૂત સલમાન કે મોટા ભાગના રાજનેતાઓને લાગુ પડતી રહી છે. જો કે ન્યાયપાલિકા કયારેક સુખદ ચમત્કારો જરૂર સર્જતી રહે છે. લાલુપ્રસાદ યાદવને ઘાસચારા કૌભાંડમાં જેલના સળિયા પાછળ ધકેલી દેનારી સીબીઆઈ કોર્ટ પર કેન્દ્ર સરકારના ઈશારે કામ કરતી હોવાના આક્ષેપ ભલે થયા કરતા હોય, પણ કૌભાંડ થયું હતું અને તે તત્કાલીન મુખ્યમંત્રી દ્વારા રાજયની તિજોરીમાંથી ઘાસચારાના નામે ઉચાપત સ્વરુપે થયેલું તે સર્વવિદિત છે. સલમાન ખાને કાળિયારનો શિકાર ન કર્યો હોત તો બિશ્નોઈ સમાજ નવરો નહોતો કે એની વિરુદ્ધ સંરક્ષિત પ્રાણીની હિંસાનો કેસ કરે. જોધપુરમાં શૂટિંગ કરવા ગયેલ બોલીવુડની સ્ટાર મંડળીને આ રાજવંશી ચટકો લાગ્યો અને શિકારી જીપમાં એ બધા કહેવાતા સેલિબ્રિટી કલાકારો જેમાં અભિનેત્રીઓ પણ સામેલ હતી તે એકી સાથે નિર્દોષ જીવોની પાછળ લાઈસંસ વગરનાં હથિયાર લઈ નીકળી પડ્યા. રણમાં જીવ બચાવવા દોડી શકાય એટલું દોડ્યા પછી બિચારા કાળિયાર એ ક્રૂર શિકારીઓની બંદૂકની ગોળીઓનો શિકાર બની ગયાં. એમને તડફડતી હાલતમાં જીપમાં નાખી સાથી ભોમિયાઓ પાસે કટકે કપાવી જયાફત ઉડાડનારી સ્ટાર મંડળી પ્રત્યે બાકીના સિનેચાહકો ભલે સદ્ભાવ ધરાવતા હોય પરંતુ કાળિયારને ગાય સમકક્ષ પવિત્ર ગણનારા બિશ્નોઈ સમાજ માટે એ પાપી શિકારીઓ જ હતા. કાળિયાર શિકાર અંગેના અગાઉના કેસમાં સલમાનને ઉપલી અદાલતે નિર્દોષ જાહેર કર્યો ત્યારે બિશ્નોઈ સમાજમાં નિરાશાનું મોજું ફરી વળ્યું હતું. આખરે બીજા કેસમાં નીચલી અદાલતે એને પાંચ વર્ષની સજા અને દસ હજાર રૂપિયાના દંડ ફટકારી જેલના હવાલે તો કર્યો છે પણ આવા ગુનેગારો માટે જામીનગીરી પર છૂટી જવું એ ડાબા હાથનો ખેલ છે. આપણા ન્યાયતંત્રની આ તો ખામી છે. નીચકી ખોર્ટ સામે ઉપલી કોર્ટો ગુનેગારોને નિર્દોષ છોડી મૂકવા તૈયાર જ બેઠી હોય છે. એટલે કયારેક કોઈ સમર્થ ગુનેગારને છેક છેલ્લે સુધી આવી સજા કાયમ રહેતી હોય છે. ન્યાયતંત્રના હાથ પર પુરાવાના અભાવે કોર્ટમાં 'હોસ્ટાઈલ' બી જઈ ગુનેગારને છૂટવામાં મદદરુપ બનતા હોય છે. આ બધા કર્મકાંડમાં વકીલો સાચાનું જૂઠું કરવાની 'લાભદાયક' કામગીરી બજાવતા રહે છે. બ્રિટીશ રાજે વારસામાં આપેલી આ ન્યાય પદ્ધતિનો આપણે કોઈ અસરકારક વિકલ્પ નહીં શોધી શકીએ ત્યાં સુધી આવા ગુનેગારો મોજમજા કરતા જ રહેવાના. બિશ્નોઈ સમાજને અને સલમાન જેવા સમર્થ ગુનેગારને સજા સંભળાવનાર ન્યાયધીશને સો સો સલામ. નિર્દોષ વન્યજીવોના રક્ષણ માટે સરકાર કાયદા તો બનાવે છે, પણ એ કાયદાઓને ઘોળીને પી જનારા સલમાન જેવા સમર્થ શિકારીઓને એમની હેંસિયત બતાવવાનું કામ ધારીએ છીએ એટલું સહેલું નથી. કરોડો રૂપિયા ખર્ચીને આવા લોકો એમના જઘન્ય ગુનાઓમાંથી હેમખેમ છૂટી જતા હોય છે. એમના પ્રત્યે તંત્ર પણ સાનુકૂળ વર્તન દાખવતું હોય છે. બલકે મુંબઈના સ્થાનદેવતા સિદ્ધિવિનાયક ગણપતિ પણ એની વહારે આવે એ માટે પૂજા પાઠ કરનારાનો તોટો નથી. શું પેલા નિર્દોષ અને ખુદ સરકારે 'અવધ્ય' જાહેર કરેલ પ્રાણીઓએ સતત શિકારીઓની ગોળીએ જ વીંધાવાનું રહેશે ? લાખોની સંખ્યામાં હરતાં ફરતાં કાળિયારની સંખ્યા સતત ઘટતી જાય છે એમાં હિંસક વન્ય પશુઓ કરતાં સલમાન જેવા હિંસક મનુષ્યો જ મહત્ત્વનો રોલ ભજવતા રહ્યા છે.

# મહાત્મા ગાંધી : પ્રયોગપરાયણ વ્યવહારવાદી



ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

ગાંધીજીની ઓળખ અનેક પ્રકારે છે. તેઓ દેશની આઝાદી માટેના લડવૈયા હતા. તો આઝાદી સંપૂર્ણ આવે તે રીતના તેમના અથાક પ્રયત્નો થકી સુધારાવાદી તરીકે પણ ઓળખાય છે તો સાહિત્ય અને સમાજ વિજ્ઞાની તરીકે પણ તેમની ઓળખ છે. આ પ્રયોગવાદીની એક ઓળખ વ્યવહારું સમાજશાસ્ત્રી તરીકેની પણ છે. ગાંધીજી ખુદ તેમના વ્યવહારવાદી પણા વિશે વ્યક્ત થાય છે. તેમના પ્રયોગોને વિશે કોઈ સંપૂર્ણતાનો કે અંતિમતાનો દાવો કરતા નથી તેઓ કહે છે :

'મારા સત્યના પ્રયોગોને કોઈ પણ પ્રકારની સંપૂર્ણતા આરોપતો જ નથી. વિજ્ઞાનશાસ્ત્રી જેમ પોતાના પ્રયોગો અતિશય નિયમસર, વિચારપૂર્વક અને ઝીણવટથી કરે છે, છતાં તેમાંતી નિપજાવેલા પરિણામોને છેવટતા ગણાવતો નથી અથવા તો એ એના સાચાં જ પરિણામ છે એ વિષે પણ સાશંક નહીં તો તટસ્થ રહે છે. તેવો જ મારા પ્રયોગ વિષે મારો દાવો છે. મેં ખૂબ આત્મનિરીક્ષણ કર્યું છે, એકેએક ભાવને તપાસ્યો છે, તેનું પૃથ્થકરણ કર્યું છે. તેમાંથી નીપજેલા પરિણામ એ સહુને સારું છેવટના જ છે, એ ખરાં છે અથવા તો એ જ ખરાં છે એવો દાવો હું કોઈ દિવસ કરવા ઈચ્છતો નથી. હા, એક દાવો હું કરવા ઈચ્છું કે મારી દષ્ટિએ એ ખરા છે અને અત્યારે તો છેવટના જેવા લાગે છે.'

પોતાના પ્રયોગોને એક વિજ્ઞાની જેમ સતત નિરીક્ષણ, પૃથ્થકરણ, તપાસ અને પુનઃતપાસ સાથે જેમ સતત ચકાસતો રહે છે એમ ગાંધીજીએ પોતાના પ્રયોગોને હંમેશા તપાસે રાખ્યા હતા.

**ગાંધીને મન જેનું પારખું કરી શકાય તે સાપેક્ષ સત્ય**

ગાંધીજી પોતાના પ્રયોગો વિષે કહે છે કે હું જયારે કોઈ વસ્તુ કે ઘટના પરત્વે વિચારું ત્યારે જ તેના ત્યાજ્ય અને ગ્રાહ્ય એવા બે ભાગ પાડી લઉં..' અને એ પછી ગાંધીની તપાસ ગાંધીનું મંથન એ પરત્વે ચાલતું રહે. અને જયારે તેમને ગ્રાહ્ય લાગે ત્યારે આચાર અને બુદ્ધિ, આત્માને સંતોષ આપે ત્યાં સુધી તેના પરિણામો વિષે વિશ્વાસ રાખીને તેઓ ચકાસતા જ રહે. સકાસણીમાં કોઈ પૂર્વગ્રહ નહીં પરંતુ તથ્યાતથ્યની સટીક તપાસ તેઓ પારદર્શી રીતે કરતા હતા.

આ બાત આપણને ગાંધીજીની વ્યવહારું સમાજ વિજ્ઞાની તરીકેની છાપ છોડવામાં મહત્ત્વની બને છે. પ્રયોગપરાયણ વ્યવહારુવાદીની જેમ ગાંધીજી એમ સ્પષ્ટ પણે માનતા હતા કે 'પ્રયોગ દ્વારા જેનું પારખું થઈ શકે તે ખરું છે.' છતાં પણ ચકાસણી દ્વારા જે તેમને સાચું લાગ્યું હોય એ અંતિમ સત્ય કે પૂર્ણ સત્ય છે એવો દાવો તેઓ કયારેય કરતા ન હતા. જેનું પારખું કરી શકાય. તે ગાંધીજી માટે સાપેક્ષ સત્ય છે. ગાંધીજીની આ વિચારસરણીને સારસ્વત ડૉ.મણિભાઈ શિવાભાઈ પટેલે તેમના ડૉકટર ઑફ ફિલોસોફીના સંશોધનમાં મૂલવણી કરતાં લખ્યું છે. 'જેનું પારખું કરી શકાય તે ગાંધીજીને માટા સાપેક્ષ છે, એમ દર્શાવે છે કે ગાંધીજી બે પ્રકારના સત્યમાં માને છે. પારખું કરી શકાય એવું સાપેક્ષ સત્ય અને બીજું આત્યંતિક સત્ય, શાશ્વત સિધ્ધાંત કે જે ઈશ્વર છે.'

એક તરફ ગાંધી શાશ્વત સિદ્ધાંત તરીકી ઈશ્વરને ગણે છે. પણ જયારે અંતિમ સત્ય તથા આત્મ સાક્ષાત્કાર અથવા મોક્ષની વાત કરે છે ત્યારે તેઓ વ્યવહારવાદી મટી જાય છે. અને તેમનો વ્યવહારવાદ ક્રિયાશીલ ધ્યેયવાદની નજીકનો હોય છે.

ગાંધીજી કેળવણીના પાયાના વિચારમાં સ્પષ્ટ કરે છે કે વિદ્યાર્થીને જુદા જુદા વિષયોનું જ્ઞાન ઉપરાંત રોજબરોજના જીવનમાં ઉદ્ભવતા પ્રશ્નોના ઉકેલ મળવા જોઈએ એવું મોટું કામ શિક્ષણનું છે.

ડૉ. મણિભાઈ પટેલ કે જેમણે ગાંધીજીની કેળવણીની ફિલસૂફી ઉપર પીએચ.ડી. કર્યું છે તેઓ ગાંધીજીની ફિલસૂફીનો કાળજીપૂર્વક અભ્યાસના આધારે કહે છે કે ગાંધીની કેળવણીની ફિલસૂફીમાં પ્રકૃતિવાદ, ધ્યેયવાદ અને વ્યવહારવાદ એકબીજાના વિરોધી નહીં પણ એકબીજાના પૂરક છે. એક નિશ્ચિત લક્ષને જ હંમેશા ધ્યાનમાં લેતાં ગાંધીજીની કેળવણી વિષયક ફિલસૂફીમાં ધ્યેય વાદ પાયાની બાબત છે. પ્રકૃતિવાદ અને વ્યવહાર તેના પૂરક છે. ગાંધીજીની આ જ વૈચારિક મહાનતા હતી ને, મુખ્ય સાથે બીજી કોઈ બાબતને તેઓ વિરોધી તરીકે જોતા નહીં પરંતુ પૂરક ગણીને તેની પણ પ્રયોગોમાં માવજત કરતા હતા અને એક પૂર્ણ સ્પષ્ટતા સાથે કોઈ પણ વિચાર વૈજ્ઞાનિક સત્ય અને સત્ય સાથેનો સમાજ સમક્ષ મૂકતા હતા.

**(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)**

# સંત કવિ ઈસરદાસજીની અમર રચના : હરિરસ



ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

સંત સાહિત્યનો દબદબો મધ્યયુગથી શરૂ કરીને આજ સુધી અકબંધ રહેલો છે તેમ કહી શકાય. નરસિંહ કે મીરાં, કબીર કે તુલસીના નામો લોકજીભે તથા લોકહૈયે સ્થાન પામેલા છે. ''ધારણ કરે તે ધર્મ'' ની વાતનો સંદર્ભ લઈને યાદ કરીએ તો સંત સાહિત્યે સમાજને ધારણ કરેલો છે. અનેક પ્રકારના બાહ્ય કે આંતરિક સાંસ્કૃતિક આક્રમણો સામે સંત સાહિત્યના વાહકોએ સમાજના હીર તથા ખમીરને જીવંત તથા ધબકતા રાખેલા છે. કબીર સાહેબ કે નરસિંહ મહેતા જેવા દિગ્ગજ ભકતોએ પરમતત્વના નામનો વેપલો (વ્યાપાર) અંતરના ભાવથી કરેલો છે. રામનામના આ વ્યવહારીઓની શાન સદાકાળ ઉન્નત રહી છે. નરસિંહે ગાયું હતું :

અમે રે વેહવારીયા રામનામના
વેપારી આવે છે બધા ગામગામના
લાખ કરોડે લેખા નહિ
પાર વિનાની પુંજી
વહોરવી હોય તો વહોરી લેજો
આ કસ્તુરી છે સોંઘી.... સંતો.... અમે રે....

ઈશ્વરના નામનો મહિમા સચરાચરમાં ગજાવનાર આ સંતો વ્યાપક જન સમુહની શ્રધ્ધાનું કેન્દ્ર બનીને રહેલા છે. એમની નિર્મળ વાણીએ જનસમુહને ડોલાવી દીધો છે. આટલી વ્યાપક તથા આટલી ઊંડી અસર આ 'શબ્દ', 'બાની' કે વાણીની કેમ થવા પામી હશે ? કેવી રીતે આ બાબત કપરા કાળમાં પણ ટકી રહી હશે ? આ સંદર્ભમાં મહાત્મા ગાંધીએ સાધક તથા સંગીત મર્મજ્ઞ દિલીપકુમાર રોયને એક મુલાકાતમાં વાત કરી હતી તે ફરી સ્મૃતિમાં આવે છે. બાપુએ કહેલું કે મીરાં તથા બીજા સંતોની વાણી એ અંતરના ઊંડાણ તથા અનુભૂતિમાંથી પ્રગટ થયેલી વાણી છે. આથી આ વાણી સહજ છે. તેમાં કૃત્રિમતા નથી. બાપુએ ઉમેર્યું કે આપણાં આ સંત કવિઓએ પ્રસિધ્ધિ કે કીર્તિ મેળવવાની ખેવનાથી ગાયું કે લખ્યું નથી. તેમનાથી લખ્યા સિવાય રહેવાયું નથી એટલે લખ્યું છે કે ગાયું છે. આથીજ તેમની વાણીનું આજે એટલુંજ આકર્ષણ છે. આવા અનેક ધન્યનામ સંતોમાં ભકત કવિ ઈસરદાસનો સમાવેશ થાય છે. હમણાંજ પસાર થયેલા રામનવમીના પાવન પર્વે આ મહાપુરુષનું વિશેષ સ્મરણ કરવાના ઉપક્રમ યોજવામાં આવ્યા હતા.

સંત ઈસરદાસજીની અનેક રચનાઓ છે. પરમ તત્વ સાથેના અનુસંધાન તથા અપાર શ્રધ્ધાના કારણે સંતકવિની વાણી બળકટ બનેલી છે. ભાવનગર રાજયના વિદ્વાન દિવાન સર પ્રભાશંકર પટ્ટણીએ ૧૯૨૮માં હરિરસ ગ્રંથની પ્રસ્તાવનામાં લખ્યું હતું કે ઈસરદાસનું મુખ્ય લક્ષણ તેમની શ્રધ્ધા છે. આવી શ્રધ્ધા જેનામાં હોય તેઓ ઈસરદાસને વધારે સારી રીતે સમજી શકશે. ભક્ત કવિ ઈસરદાસજીની અનેક ઉત્તમ રચનાઓમાં હરિરસ તેમજ દેવિયાણનો સમાવેશ થાય છે. જગત નિયંતાની મોટાઈને વંદન કરતા કવિ લખે છે કે ઈશ્વર કૃપા હોય તોજ ખરા અર્થમાં માનવીને મોટાઈ પ્રાપ્ત થાય છે.

સાંયા તુજ બડો ધણી
તુજસો બડો ન કોઈ
તું જેના શિર હથ્થ દે
સો જગમે બડ હોય.

સંત સાહિત્યમાં નામ સ્મરણનો મોટો મહીમા છે. તુલસીદાસજીએ પણ દરેક કાળમાં નામ સ્મરણના સાધનનેજ જીવનમાં પ્રાધાન્ય આપવા કહેલું છે. ઈસરદાસજીએ પણ નામ સ્મરણના મહીમાનો બુલંદ પડઘો પોતાની વાણીમાં ઝલ્યો છે.

હરિ હરિ કર પરહર અવર
હરિ રૌ નામ રતન્ન !
પાંચો પાંડવ તારીયા
કર દાગિયો કરન્ન.

નામ સ્મરણમાં અતુટ શ્રધ્ધાના બળે પાંડવ પુત્રો અનેક વિપત્તિઓમાં પણ નખશીખ સલામત રહી શકયા. શબરીએ સમગ્ર જીવન નામ સ્મરણની અને દર્શનની અખૂટ શ્રધ્ધાના બળે પસાર કર્યું. ગઈ સદીના વિશ્વ માનવ ગાંધીએ જીવનની અંતિન કસોટીની ક્ષણે પણ નામ સ્મરણ કરીને પરલોકમાં પ્રયાણ કર્યું. આથી ઈસરદાસજીએ પણ ''હરિરસ'' ગ્રંથમાં લખ્યું :

નામ સમોવડ કો નહિ
જપ તપ તીરથ જોગ,
નામે પાતક છૂટશે,
નામે નાસે રોગ.
જ્યાં જાગે ત્યાં રામ જપ
સૂતા રામ સંભાર
ઉઠત બૈઠત આતમા
ચલતાં રામ ચિતાર.

હરિરસનો જ્ઞાન વૈભવ પરમ પવિત્ર ગ્રંથ શ્રીમદ્ ભાગવત જોડાજોડ મૂકી શકાય તેવો છે. મહાભારતના ભીષણ સંગ્રામની વચ્ચે ભાગવદ્દગીતાનો ઉદય એ સમર્થ ૠષિકવિની માનવજાતને મળેલી અમૂલ્ય ભેટ છે. આજ રીતે ભક્ત કવિ ઈસરદાસજીના અધ્યાત્મ ઉન્નતિ અર્થે થયેલા જીવન પ્રવાસમાંથી લોકહિતાર્થે હરિરસની રચના થઈ છે. પરમતત્વની ઉપાસનાનું આવું સચોટ નિરુપણ ભાગ્યેજ જોવા મળે તેવું છે. હરિરસ તથા દેવીયાંણ એ ઈસરદાસજીના સુપ્રસિધ્ધ ગ્રંથોની સરાહના રાજયકવિ શ્રી શંકરદાનજી દેથાએ સુંદર તથા અર્થસભર શબ્દોમાં કરી છે.

વાંચો શ્રીમદ્ ભાગવત
મોટો ગ્રંથ મહાન
કે આ હરિરસ નીત પઢો
શુભ ફળદાયી સમાન
વાંચો દુર્ગા સપ્ત શતી,
યા વાંચો દેવીયાંણ
શ્રોતા-પાઠીકો પરમ
સુખપ્રદ ઉભય સમાન.

ભકત કવિ ઈસરદાસજીસના ગ્રંથનો મહીમા સાંપ્રત કાળમાં પણ એટલોજ પ્રસ્તુત છે. સુરેન્દ્રનગરથી શ્રી અચળદાન બોક્ષાના નેતૃત્વમાં હરિરસનો પાઠ અનેક સ્થળો તથા પ્રસંગોએ નિયમિત રીતે થાય છે. હરિરસનો સંપૂર્ણ પાઠ રેકોર્ડ કરીને લોકો સુધી પહોંચાડવાનો સુંદર પ્રયાસ શ્રી હેમુ ગઢવીના પુત્ર ભાઈ રાજેન્દ્ર ગઢવીએ થોડા સમય પહેલા કર્યો છે. ઉપરની બન્ને બાબતોને લોકોએ વ્યાપક રીતે આવકારી છે.

ભકત કવિએ વિચારયુકત સલાહ ચેતવણી સૌને આપી છે. વીજળીના ચમકારે મોતી પરોવવાની પાનબાઈની લાગણીનું પણ અહી આબેહૂબ દર્શન થાય છે. સંત કવિ જેવા દૃષ્ટા હોય તેજ આ શબ્દો લખી શકે. ઈસરદાસજીએ લખ્યું છે:

અવધ નિર તન અંજળી
ટપકત શ્રવાસ ઉશ્વાસ
હરિ ભજ્યા વિણ જાત હૈ
અવસર ઈસરદાસ.
કવિ ઈસર હરિરસ કીયો
છંદ તીનસો સાઠ
મહાદુષ્ટ પામે મુગતિ
જો નીત કીજે પાઠ.

# ગાંધીનગર સાહિત્યસભા દ્વારા ૮મીએ 'સર્જક સાથે સંવાદ'



સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● મા ગરવી ગુર્જરીના પાટનગર - ગાંધીનગરના રહીશો; માતૃભાષા ગુજરાતની સાહિત્યમાં રસ કેવળે અને પનોતા ગુજરાતી સાહિત્યને સદૈવ મધમધતું - મહેંકતું અને ધબકતું રાખે તે હેતુસર, ગાંધીનગર સાહિત્યસભા દ્વારા યોજાતા અવનવા સાહિત્યિક કાર્યક્રમો અંતર્ગત; 'સર્જન સાથે સંવાદ'નો એક કાર્યક્રમ, ગાંધીનગર સ્થિત, જાણીતા અને મૂર્ધન્ય - વરિષ્ઠ સાહિત્યકાર, ડૉ. કેશુભાઈ દેસાઈ સાથે, સંસ્થાના પ્રમુખ નટવર હેડાઉના અધ્યક્ષ સ્થાને તા.૮-૪-૧૮ને રવિવારના રોજ, સાંજના ૫.૩૦ વાગે, નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે. આથી આ સાહિત્યિક કાર્યક્રમમાં અચૂક પધારવા નગરના મહાનુભાવો, સાહિત્યકારો - રસિકો / ભાવકો તથા સંસ્થાના સર્વે સભ્યોને જાહેર હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

● ગાંધીનગર દલિત સાહિત્ય વિમર્શ મંચ દ્વારા આગામી ૭મી એપ્રિલથી ૧૩ એપ્રિલ, ૨૦૧૮ સુધીના સમયગાળા માટે સાંજે ૬.૦૦ વાગ્યાથી, આંબેડકર હોલ સમિતિ ખંડ, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે વ્યાખ્યાનમાળામાં, સપ્તાહ દરમિયાન ડૉ. ભીમરાવ આંબેડકર સાહેબના પુસ્તકો પર તથા દલિત સાહિત્યના પુસ્તકો પર જુદા જુદા વ્યાખ્યાતાઓ દ્વારા વ્યાખ્યાન આપવામાં આવશે. રસિકો / ભાવકોને ઉપસ્થિતિ રહેવા જાહેર હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

● ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ, અમદાવાદ આયોજિત ભદ્રંકર જ્ઞાન-વિજ્ઞાન શ્રેણી અંતર્ગત, આત્મકથાઓનાં ઊંડા અભ્યાસી અને અંગ્રેજી સાહિત્યનાં વિદુષી ડૉ. રંજના હરીશે 'ભારતીય મહારાણીઓની વિચારપ્રેરક આત્મકથાઓ' વિશે વકતવ્ય આપ્યું હતું. તેમણે પોતાના વ્યાખ્યાનમાં લગભગ દોઢેક સદી એટલે કે, ૧૮૨૦થી ૧૯૮૦ દરમિયાન થઈ ગયેલ મહારાણીઓ - કપૂરથલાનાં મહારાણી બિંદ્રા, જયપુરના મહારાણી ગાયત્રી દેવી, ગ્યાલિયરનાં મહારાણી વિજયારાજે સિંધિયા જેવી હિન્દુ મહારાણીઓની સાથોસાથ, ભોપાલના નવાબ સુલતાન જહાન બેગમની આત્મકથા 'એન અકાઉન્ટ ઓ માય લાઈફ' વિશે રસપ્રદ ચર્ચા કરી હતી.

● રાષ્ટ્રીય કલાકેન્દ્ર, સુરત ખાતે યોજાયેલી કાવ્ય મહેફિલમાં સર્વ બકુલેશ દેસાઈ, ગૌરાંઠ ઠક્કર, ડૉ. વિવેક ટેલ, પ્રશાંત સોમાણી અને કિરણસિંહ ચૌહાણે સ્વરચિત ગઝલો રજૂ કરી હતી. સંચાલન પ્રજ્ઞા વશીએ કર્યું હતું.

● તા. ૩૧-૩-૨૦૧૮ને શનિવારના રોજ, આત્મા હૉલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે, ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા 'શબ્દયાત્રા' અંતર્ગત કવયિત્રી સંમેલન યોજાઈ ગયું. આ સંમેલનમાં કવયિત્રીઓ સર્વે રક્ષા શુક્લ, પારુલ બારોટ, છાયા ત્રિવેદી, જિજ્ઞા મહેતા, ઉષા ઉપાધ્યાય, ગોપાલી બૂચ, ઈશિતા દવે, રાધિકા પટેલ અને દક્ષા રાજેન્દ્ર પટેલ દ્વારા પોતાની કૃતિઓની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

● વિશ્વ મંગલમ્ કેળવણી મંડળ, વિદ્યાનગર, હિંમતનગર સંચાલિત મહિલા આર્ટ્સ કૉલેજ, હિંમતનગર અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના ઉપક્રમે 'ભારતીય સાહિત્યમાં ભારતીયતા' વિશે એકદિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ યોજાઈ ગયો. આ સમારંભના ઉદ્ઘાટક અધ્યક્ષ તરીકે ડૉ. ડી.એલ. પટેલ, મુખ્ય મહેમાન તરીકે પ્રા. ડૉ. પી.આર. પટેલ અને નારણભાઈ ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા. આ પરિસંવાદનું ઉદ્ઘાટન ડૉ. ગૌરાંગ શરણ દેવાચાર્યજીએ કર્યું હતું, જયારે બીજરૂપ વકતવ્ય ડૉ. પ્રવિણ દરજીએ આપ્યું હતું અને આ ઉદ્ઘાટન બેઠકનું સંચાલન ડૉ. એ.એસ. પટેલે કર્યું હતું.

પહેલી બેઠકમાં 'ગુજરાતી નવલકથામાં ભારતીય' વિશે ડૉ. દીપક પટેલે વકતવ્યો આપ્યા હતા. સંચાલન ડૉ. કે.વી. ગાવિતે કર્યું હતું. બીજી બેઠકમાં 'હિન્દી ઉપન્યાસો મેં ભારતીયતાં' વિશે ડૉ. ફૂલચંદ ગુપ્તાએ અને 'ગુજરાતી કવિતામાં ભારતીયતા' વિશે ડૉ. દશરથ પટેલે વકતવ્યો આપ્યા હતા. બેઠકનું સંચાલન ડૉ. ડી. કે. ભોપાએ કર્યું હતું. ત્રીજી બેઠકમાં ડૉ. યશોધર રાવલ અને ડૉ. ઉત્પલ પટેલે પોતાના શોધપત્રો વાંચ્યા હતા; જયારે બેઠકનું સંચાલન ડૉ. વી.જી. પટેલે કહ્યું હતું.